૭૮૬

યા અલ્લી મદદ.

# શ્રી જ્ઞાનામૃત સુધાકુંભ

યાને

# દિલનો એકરાર.

પ્રથમ કળશ.

'ભલે જે મહારા પંથે, બધાએ દુઃખને દેખે,
મને તો સુખ સાગર લ્હેરીનો કંઇ ન્હાર જુદો છે.
થયો જે પ્રેમથી પુરો થયો છે મુકત સરવેથી,
મહા મસ્તાન જ્ઞાનીના મગજમાં તાર જુદો છે.'

(બા૦ ઉ૦)

સંપાદક

માસ્તર શેરમામદ બા. બાંધણીયા સોજીત્રાવાળા.

ઠે. શ્રી નકલંકાશ્રમ—આણંદ.

પ્રકાશક

માસ્તર હાકમઅલી રાજાઅલી બોરસદવાળા.

ઠે. શ્રી નકલંકાશ્રમ—આણંદ.

(સર્વ હક્ક સંપાદકને સ્વાધીન)

આવૃત્તિ ૧ લી. ઇ. સ. ૧૯૨૩. | પ્રત ૫૦૦. સંવત ૧૯૭૯.

કિંમત અમુલ્ય.

# પ્રકાશકના બે બોલ.

પ્રિય સાહિત્યના શોખીન ભાઇઓ ? જો કે આપણા સતપંથમા કાવ્યોની ખોટ તો નથી જ. પણ આપણા ન્યુ ઇસ્માઇલી ભાઇઓને પીર માબાપની ગુઢાર્થ વાણીમાં સમજણ નહિ પડવા સંભવ છે તો તે ખોટ આપણા દીનીભાઇઓ તેજ ગીનાનો ઉપરથી ને ચાલુ જમાનાના રાગો ઉપર રજુ કરે તે હરખવા જેવું છે જે જે ભાઇઓ એ પોતાના કાવ્યો મોકલાવી જે પ્રેમ દેખાડયો છે તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

---

## હાજર ઈમામને.

ગરીબના ગાન સુણનારો હાજર ઈમામ આવે છે
મુરીદાના મન માન્યો અમારો શીરતાજ આવે છે
લઇને દીન તણા દાદો અમારો દેવ છે આગો
**હીમાયતી ખીલાફતનો** હાજર ઈમામ આવે છે
ખરા ઇસ્લામની ખુબી સનાતનથી સમજાવે છે
દેવા દિદાર મુરીદોને હાજર ઈમામ આવે છે
**ખોજાઓ તણો ખાવીંદ મહાજની** ગરીબોનો
**ગરીબ બિચારાનો** હાજર ઈમામ આવે છે
**સતપંથનો સ્વામી બિચારી બાગનો માળી**
સુણાવાને શીરીવાણી હાજર ઈમામ આવે છે
**ધણી છે તારે તો રાણી ના મુકીશ અમને વિસારી**
**બિચારી જમાત ધણી પાસી** હાજર ઇમામ આવે છે.

પ્રકાશક.

**ખોજા હાકમઅલી રાજાઅલી બોરસદવાલા.**

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराइट विभाग ]
अनुक्रमांक १०३५७ वर्गांक
पुस्तकनुं नाम [illegible]
विषय [illegible]

૭૮૬

યા અલ્લા મદદ.

# શ્રી જ્ઞાનામૃત સુધાકુંભ

યાને

# દિલનો એકરાર.

પ્રથમ કળશ.

'ભલે જે મહારા પંથે, બધાએ દુઃખને દેખે,
મને તો સુખ સાગર લ્હેરીનો કંઇ બ્હાર જુદો છે.
થયો જે પ્રેમથી પુરો થયો છે મુકત સરવેથી,
મહા મસ્તાન જ્ઞાનીના મગજમાં તાર જુદો છે.'

(બા૦ ઉ૦)

સંપાદક

માસ્તર શેરમહમદ લી૦ બાંધણીયા સોજીત્રાવાળા.

ઠે. શ્રી નકલંકાશ્રમ—આણંદ.

પ્રકાશક

માસ્તર હાકમઅલી રાજઅલી બોરસદવાળા.

ઠે. શ્રી નકલંકાશ્રમ—આણંદ.

( સર્વ હક્ક સંપાદકને સ્વાધીન )

આવૃત્તિ ૧ લી. ઇ. સ. ૧૯૨૩. | પ્રત ૧૦૦૦. સંવત ૧૯૭૯.

કિંમત અમુલ્ય.

# સંપાદકનો સંદેશ.

ગ્રંથાલય
૧૦૩૨૭
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ

પ્રિય વાંચક મિત્રો ?

આ નાનકડી બુકને પ્રસ્તાવનાની જરૂર જણાતી નથી, પરંતુ કંઈ બે બોલ લખીશ તો તે અયોગ્ય તો નહિ જ ગણાય, આમાં જે વિષયનાં કાવ્યો દાખલ કરવામાં આવ્યો છે તે જુદા જુદા લેખકોનાં તથા માસીકોમાંથી સંગ્રહ કરી આ જવી જમાતની જાણ માટે જાહેરમાં લાવું છું. જે મહાશયોની પરવાનગી વગર માસીકમાંથી ઉતારા કર્યા છે તો તે અમને દરગુજર કરશે. આ પુસ્તક બહાર પાડવાનો ઉત્સાહ સેક્રેટરી સાહેબ શેઠ હાજીમહામદ ફાજલભાઈ તથા શેઠ મામદભાઇ મુરાદઅલીભાઇએ આપ્યો તેથી તેવણ સાહેબનો હું અહીં ઉપકાર માનું છું. વિ. બહાર પાડવામાં માસ્તર પુનાલાલ ઉર્ફે ખોજા પ્યારઅલી પી. વીરાણી તથા જે જે મહાશયોએ મદદ કરી છે તે માટે અંતઃકરણથી ઉપકારી છું.

અંતમાં સર્વ બિરાદરો પાસે નમ્રતા પૂર્વક અરજ છે કે આ મારો પહેલોજ પ્રયાસ હોતાં આ પુસ્તકની રચના અને લખાણમાં જે જે ખામીઓ જોવામાં આવે તે પર ટીકાકારની નજરે નહી જોતાં ઉદાર દીલે સુચના કરવામાં આવશે. હારજ ઇમામની રહેમથી ઇશ્વર ઇચ્છાએ બીજી આવૃત્તિ બહાર પાડવા જોગ મલે તેનો યોગ્ય વિચાર કરી સુધારી ઉપકૃત થઈશું. આમીન.

શ્રી નકલંક આશ્રમ. આણંદ
તા. ૧-૨-૨૩

માસ્તર ફારબાનદ બી. બાંધણીયા
મોજીત્રાવાળા ઉર્ફે **દીનીપાગલ.**

# અર્પણ પત્રિકા.

પરમ ઉદાર ગુણભંડાર

શ્રીયુત્ નેક નામદ.ધી નકલંક ધર્મની મુખ્ય સંસ્થાના પુજ્ય કાર્યવાહકો ધી રિક્રીએશન કલબ. મુ૦ મુંબાઇ.

આપ સાહેબોની ઉદારતા, ક્ષમાવંત નિષ્ટા અતિ પ્રશંસનિય છે. વેળી આપે આપણી જમાતમાં તથા ગુજરાત ન્યુ ઇસ્માઇલી જમાતમાં યથા વિધિ કાર્ય હાથ લઇને જ્ઞાતિમાં ચાલાતાં કુરિવાજોને બંધ કરવા વિગેરે અને ચરોતરમાં શ્રી નકલંક જ્ઞાન પ્રસારક મંડળ અને નકલંક આશ્રમ અને સ્કુલો દ્વારા અમારો સુધારો કરવા ભગીરથ પ્રયાસ ઉઠાવ્યો છે એવા ઉતમ વિચારો સિવાય આપ શ્રીયુતોની કિર્તિ દેશ પ્રદેશમાં ફેલાઇ રહેલી છે. ઇત્યાદી સદ્ગુણોને લીધે આ નાનકડું પુસ્તક અર્પવા અમારી ઇચ્છા આકર્ષાઈ છે. તેથી આપની રજા સિવાય અર્પણ કરૂં છું તે સ્વિકારી ઉપકૃત કરશો એજ. અંતિમ દુવા. આમીન.

શ્રી નકલંક આશ્રમ,
આણંદ તા. ૧-૨-૨૩.

લી. આપનો ગુણાનુરાગી,
માસ્તર શેરમામદ બી. બાંધણીયા
શોજીત્રાવાળા (દીનીપાગલ)

# અનુક્રમણિકા.


| કાવ્ય. | કાવ્યનું નામ. | પાન. |
|---|---|---|
| ૧ | દીન ધર્મ ઉત્તમ મળ્યો, મળ્યા અલી અવતાર, | ....૧ |
| ૨ | ત્હમે ઉઠો અને જાગો, સિંહો સતપંથના જાગો ? | ....૨ |
| ૩ | અહો સુલતાન મહમદશા, મને છે આશ એક ત્હારી | ....૨ |
| ૪ | અમો પર મ્હેર લાવી, મૌલા પધાર્યા આણંદ ભૂમિમાં | ....૨ |
| ૫ | આનંદનો દીન આજ અમારે, આનંદનો દીન આજ | ....૩ |
| ૬ | અમારી દાદને દુવા, ધરો કંઈ દીલમાં બાપુ ? | .... ....૪ |
| ૭ | મુકિતનો દેનાર એ મૌલા અમારે માટ છે | .... ....૪ |
| ૮ | વેલકમ, વેલકમ, આગાખાન ? | .... .... .... ....૫ |
| ૯ | અહા કેવી ખુશી આજે, થયા મુશ્કિલ કુશા પયદા | ....૬ |
| ૧૦ | આવો વ્હાલા આવો, નકલંક ગુણ ગાવો; | .... .... ....૭ |
| ૧૧ | આ દેશમાં ઓજા તણા, ગુરૂ દેવ આગખાન છે. | ....૭ |
| ૧૨ | અમારા દીલતણી ઇચ્છા દયાળુ પૂર્ણ કરજે તું ? | ....૯ |
| ૧૩ | કળીયુગમાં કાયમ ધણી તે નાથ આગાખાન છે. | .... ....૯ |
| ૧૪ | આજે સોનાનો સુરજ ઉગીયો ચાલો જોવા જઇએ આણંદ ગામ હાજર ઇમામ પધાર્યા પ્રેમથી. | ....૧૦ |
| ૧૫ | ગુણવંત પધાર્યા ગુજરાત થયો પ્રભાત અરજ ધરી ધ્યાનમાં રે સમજ્યા સાનમાં રે | .... .... .... ....૧૧ |
| ૧૬ | ઇસ્લામી ધ્વજ | .... .... .... .... .... .... .... ....૧૩ |
| ૧૭ | બારમાસી | ... ... ... ... ... ... ... ... ... ...૧૫ |
| ૧૮ | ભલે પધાર્યા ભૂપ જગતના, ધરી મનુષ્ય અવતાર | ...૧૮ |
| ૧૯ | આનંદ છે આનદ આજે અતિ ઘણો આ[illegible] છે. | ...૧૯ |

# જ્ઞાનામૃત સુધાકુંભ—પ્રથમ કળશ.

યાને

# —દિલનો એકરા

" સાહિત્ય વગર કોમની ઉન્નતિ
' વહાણ ન ચાલી શકે બરાબર, જેમ
તેમ સુવાંચન વિણ જગમાં, સુખ મળે નહિ સ્હેજે ! "

કાવ્યઃ—૧

સુબોધક દોહરો.

દીનધર્મ ઉત્તમ મળ્યો, મળ્યા અલી અવતાર,
સતપંથી માબાપના, થયા કુટુંબ પરિવાર;
પુર્વ પુન્ય પુરા થકી, ઓળખ્યા કિસ્તાર,
સરણ રહ્યા સુલતાનને, ધન ધન અમ અવતાર,

ઇ. સતપંથ પ્રકાશનો ઉતારો. ( લેખક એન. જે. મીઠાણી.)

કાવ્યઃ—૨

સતપંથી સિંહોને ? રાગ—ગઝલ.

ત્હમે ઉઠો અને જાગો, સિંહો સતપંથના જાગો ?
તમારી કોમ અવલોકી, સુધારક આપ કંઇ જાગો ?
તપાસી કોમને બીજી; કરો ખોડો પછી પુરી;
ન હિંમત આપ કંઇ થાશો, સિંહો સતપંથના જાગો ?
જો અડચણો નડે તમને, છે વાદળ સમ અરે ભાઇ;
પવન (મહેનત) થી તે જરૂર ચાલી, સિંહો સતપંથના જાગો ?
ન વિઘ્નોથી ડરો કંઇએ, કરો નિજ કોમની સેવા;
વધારી આપ સુધારા, સિંહો સતપંથના જાગો ?
ખોલી સ્કુલો ને લાયબ્રેરી, કન્યાઓને સિક્ષીત કરજો;
પ્રાચીન ને ઘેઘરો કાઢી, સિંહો સતપંથના જાગો ?

ઉઠો નહિ ઉંઘમાં ભાઇ, કરો કંઈ કોમની સેવા;
ઉન્નતિમાંને તમે કાળો, સિંહો સતપંથના જાગો ?
ન મરતા સ્વાન બિલ્લા સમ, પડો નિજ કોમને માટે;
કરો ઉન્નતિ અરે ભાઇ, સિંહો સતપંથના જાગો ?
બિચારી કોમ કરગરતી, કરે પર આશ તે નિત્યે;
ધરીને કોમની હાકો, સિંહો સતપંથના જાગો ?
જીવન વૃથા ગુમાવીને, સિંહો નહી સ્વાન સમ થાશો;
સુધારો કોમ પોતાની, સિંહો સતપંથના જાગો ?

આણંદ નકલંકાશ્રમ ) માસ્તર શેરમામદ બી. બાંધણી
તા. ૨૪-૧-૨૩ ) સોજીત્રાવાળા ( દીનીપાગલ

કાવ્ય:-૩

રાગ-રસીલો ગઝલનો.

અહો સુલતાન મહમદશા, મને છે આશ એક ત્હારી?
જપુ છું જાપ હું ત્હારા, મને છે આશ એક ત્હારી?
મનહર મુર્તિ છે ભારી, નવેલી નયનમાં ધારી;
હાજર ઈમામ દયો દરશન, મને છે આશ એક ત્હારી?
સાંભળો સુલતાન આગાશા, દયાળુ "પ્યારઅલી" પર થા;
તું બેડો પાર કર મ્હારો, મને છે આશ એક ત્હારી?

શ્રી નકલંક જ્ઞા. પ્ર. મંડળ. ) માસ્તર પુનાલાલ ઉર્ફે
મુ. વ્હેરાં-કાવિઠા. ) પ્યારઅલી પી. વીરાણી.

કાવ્ય:-૪

પધરામણીના ઉદ્ગાર-રાગ ગઝલ.

અમો પર મહેર લાવી, મોલા પધાર્યા આણંદ ભૂમીમાં;
સુણી સેવકો તણી વિનતિ, પધાર્યા આણંદ ભૂમીમાં. ટેક.
અમારા ખુશ નશીબ આજે, હરખ દિલમાં અજબ આજે;
ગણીને બાળકો વ્હાલા, પધાર્યા આણંદ ભૂમીમાં.
સુરજ સોના તણો ઉગ્યો, પ્રકાશ્યો આણંદ ભૂમીમાં;
કરમાએલ પૂષ્પ ખિલવવા, પધાર્યા આણંદ ભૂમીમાં. ૨

દુર્ભાગી ને સુભાગી રે, તમો કરનાર એ સુલ્તાં;
કર્યાં સુભાગી દર્શનથી, પધાર્યાં આણંદ ભૂમીમાં. ૩

અમારૂ દિલડું રિઝાશે, અમારાં કાર્ય સર્વ થાશે;
બળતી આતસ દિલ બુઝવવા, પધાર્યાં આણંદ ભૂમીમાં. ૪

હિતેચ્છુ હિન્દના માલિક, મુરીદોના ત્હમે મૌલા;
સુણી "નઝર" તણી વિનતિ, પધાર્યાં આણંદ ભૂમીમાં. ૫

માલીયા ( મીયાણાવાલા )
મચ્છુ કાંઠા ( કાઠીયાવાડ ). } ખોજા નઝરઅલી સવજી વીરાણી.

કાવ્ય:—૫

આનંદનો દીન આજ અમારે આનંદનો દીન આજ.

રાગ નાટકી ધનાશ્રીને મળતો.

આનંદનો દીન આજ અમારે, આનંદનો દીન આજ;
અહીં પધારે સિરતાજ, અમારે આનંદનો દીન આજ—ટેક.

સાહેબલ અમ્રૂ, સરીકલ કુરાન એ
ખુદાવંદ મૌલા મહારાજ.....અમારે આનંદ૦ ( ૧ )

ખલીફતર રહેમાન, હાજર ઈમામ એ;
સુલતાન મહમદ અમ કાજ.....અમારે આનંદ૦ ( ૨ )

નશીબવંત, થયો છું હું આજે;
દિદાર રૂપી મલે પાજ.....અમારે આનંદ૦ ( ૩ )

સત પંથના દાતાર, દયાળુ એ;
જાણી અમારી દીન દાઝ.....અમારે આનંદ૦ ( ૪ )

હીજ હાઈનેશ, નામદાર કૃપાળુ;
સર સુલતાનનું, મળ્યુ ઝાઝ.....અમારે આનંદ ( ૫ )

શ્રી નકલંકાશ્રમ,
આણંદ. } માસ્તર શેરમામદ બી. બાંધણીયા.
સોજીત્રાવાળા ( દીનીપાગલ ).

કાવ્યઃ૬

## ધરો કંઇ દિલમાં બાપુ ?

રાગ ઠંડા આઇસક્રીમ જેવો. કવ્વાલીનો.

અમારી દાદને દુવા, ધરો કંઈ દિલમાં બાપુ ?
કૃપાળુ કાર્ય જે મ્હારાં ધરો કંઈ દિલમાં બાપુ ?
સલુણા સાનમાં સમજો, અમો દીનો શું શીખ દઇએ;
માયાળુ શાહ મહમદ છે, ધરો કંઈ દિલમાં બાપુ ?
ગુના બક્ષીને રહેમતીથા, કહું સુલતાન આગાશા;
નજર નવ નાખશો કપરી, ધરો કંઈ દિલમાં બાપુ ?
કસોટી તું કહે વ્હાલા, હમેશાં શું ઠગો ઠાલા;
રમત ત્હારેજ વ્હાલી છે, ધરો કંઈ દિલમાં બાપુ ?
હાજર ઈમામ તું વ્હાલો, બને શું બાળથી કાલો;
જરૂર અમ હાથ તો ઝાલો, ધરો કંઇ દિલમાં બાપુ ?
**દીનીપાગલ** તણી દાદો, કહું કોને હું ફરિઆદો;
કરો પૂર્ણ માગ્યાથી જાદો, ધરો કંઈ દિલમાં બાપુ ?

શ્રી નકલંકાશ્રમ, આણંદ. } માસ્તર શેરમામદ બી. બાંધણીયા સોજીત્રાવાળા ઉર્ફે " દીનીપાગલ "

કાવ્યઃ—૭

## મુકિતનો દેનાર એ મોલા અમારી માટ છે ?

રાગ—ગઝલ.

મુકિતનો દેનાર એ મોલા અમારે માટ છે,
મીરાં, કરમાં, સવરી ભીલડી, સુદામાનો શ્યામ છે;
ભકત ઉધ્ધારણ સંત સુધારણ, ભવતારણ એ રામ છે. મુકિત૦
મુરૂધ્વજ ને પાંચે પાંડવ, દીનનો પ્રતિપાળ છે;
હરિચંદ્ર તારા રોહિત, એ ધણીના બાળ છે. મુકિત૦
નરસિંહની હુંડી સ્વિકારી (એ) ભકિતનો પ્રતાપ છે;
પંચાળીનાં ચીર પુર્યાં, દાસનો એ દાતાર છે. મુકિત૦

બાપ જુગનુ કહ્યા મેલ બાંધ્યાં, તુજ સરખુ પ્રતાપ છે;
રંક ઘરી અરજ કરતા, હાજર ધણી સિરતાજ છે. મુક્તિ૦
સજનો કસાઈ મામકી ગુણુકા, પળ એકમાં ઓધાર છે;
સહા ફરમાની માંનો ધણીની, તો તો બેડા પાર છે. મુક્તિ૦

નકલંકાશ્રમ આણંદ. | સકમણેજી કૃષ્ણા મેઘબાળી ઉર્ફે ખોજા લુકઅલી કે. નાવલીઆ.

કાવ્ય:-૮

## વેલકમ, વેલકમ, આગાખાન!

વેલકમ, વેલકમ, આગાખાન ?
તમારૂં કરીએ સતસનમાન-ટેક.

ખિલાફત કમિટી:-ખિલાફતકુ મદદ બહુત દી, તનમન ધન કુરબાન,
આલે નબી ઔલાદે અલી હો, સબકે તુમ યે જાન ?
વેલકમ૦

ખોજા:-મુરીદ જીગરમાં આનંદ ઉછાળે, દીધુ દર્શન દાન;
શ્રી મુખથી શુભ આશીષ દીધી, ખાના આબાદાન
વેલકમ૦

રંગુનના શહેરી:-કલકતે થઈ રંગુન પહોંચ્યા, શહેરી મળ્યા સુજાણ;
માનપત્ર આપ્યુ મહોબતથી, સમજી નોતમ શાન ?
વેલકમ૦

કાઠીયાવાડી:-જલદી પધારી દિદાર આપ્યો, કદમ કરો ગુણવાન;
દર્શન આતુર ચાતક દિલના, અમૃત મેઘ સમાન ?
વેલકમ૦

ન્યુ ગુજરાતી:-ટળવળતાની આસ છીપાવો ધો દિદારી દાન;
બીચારાની બ્હાંય પકડજો, તમ કરીએ સનમાન ?
વેલકમ૦

કચ્છી:-રેમ કરેને અચો ખુદાવંદ, મરીદ જુ મેર જાન;
ડોંય વરેસે તુલ ખુતાઅસી, દિદાર દયો દિલજાન ?
વેલકમ૦

ખોજા પંચ:—ઇચ્છાઓ ભલી રાખે મનમાં, મુરીદ સત ઈમાન;
" ખોજા પંચને " બક્ષો આનંદ, ફરમાવો ફરમાન ?
વેલકમ૦

ઇ. સતપંથ પ્રકાશમાંથી "હિન્દી પંચ"નું કાવ્ય ગોજક દીનીપાગલ.

કાવ્ય:-૬

થયા મુશ્કિલ કુશા પયદા ? ( સાલગ્રેહ )

ગઝલ-કવ્વાલી.

અહા કેવી ખુશી આજે, થયા મુશ્કિલ કુશા પયદા;
અમારા યા અલી પ્યારા થયા મુશ્કિલ કુશા પયદા ? ( ૧ )

જહાનમાં ઘુમ છે આજે, ગગન પણ હર્ષથી ગાજે;
અતિ શુભ આજનો અવસર, થયા મુશ્કિલ કુશા પયદા ( ૨ )

ખુશીનો દિન છે આજે, મુબારક સાલગ્રેહ કાજે;
"હાજર ઇમામ-અલી મૌલા" થયા મુશ્કિલ કુશા પયદા ( ૩ )

નિવારણ પાપનું કરવા, હવે ખપ શું છે "ઝમઝમ" નો
દયાળુ રહેમના દરિયા, થયા મુશ્કિલ કુશા પયદા ? ( ૪ )

મદદ કર એકની આપે, રહેમ રાખી હૃદયમાં તે;
"અલી-મૌલા" અરે આજે, થયા મુશ્કિલ કુશા પયદા ? ( ૫ )

પ્રકાશ્યો સુર્ય સમ આજે, સર સુલતાન મહમદશાહ;
"અલી"ની આલથી "આગા" થયા મુશ્કિલ કુશા પયદા ? ( ૬ )

સખાવત આપની કેવી ? કે એક કણના બદલામાં;
સવા લાખ પલત્ર દેવા ? થયા મુશ્કિલ કુશા પયદા ? ( ૭ )

'રહીમ' ચિંતા કરી મુજને, ભરૂ કમ જે ગુલામાનો;
અમારી મુશ્કિલો હરવા, થયા મુશ્કિલ કુશા પયદા ? ( ૮ )

ઇસ્માઇલી અખબાર પરથી ] માસ્તર રહીમભાઇ પીરભાઇ પાન્ડરકવડા.

---

કાવ્યઃ-૧૦

રાગ ગનની મરજીનો. કલીયુગનો દેવ જુઓ હાજર ઇમામ છે.

આવો વ્હાલા આવો, નકલંક ગુણ ગાવો; નકલંક ગુણ ગાવો,
મળે અનેરા લ્હાવો—આવો વ્હાલા આવો. ટેક.

આવોને રંગ રેલી, કહુ વાત હું નવેલી; જમાત બની ઘેલી,
દિદારી શાહ પાવો—આવો વ્હાલા આવો. ( ૧ )

સહુ વાટ જોતા જેની, કહુ વધાઇ તેની, દુઃખ કાંઇ ઉર રહે નહી;
ખરો ખાવિંદ પાવો—આવો વ્હાલા આવો. ( ૨ )

હાજર ઇમામ પ્યારો, છે દુઃખ હરનારો; શિરતાજ ધણી મ્હારો;
સત પંથે નિત ધાવો—આવો વ્હાલા આવો. ( ૩ )

છે આલ એ અલીની, જ્યોતિ પ્રકાશી કલીની,
જુઓ મહેનત ફળીની, સુકીત નીત કમાવો—આવો વ્હાલા. ( ૪ )

શેરમામદ છે પ્યાશી, કે' દીનીપાગલ દાશી,
**મટી ગઇ ઉદાશી મોમન સુરા થાઓ—આવો વ્હાલા.** ( ૫ )

---

માસ્તર પ્યારઅલી પી. વીરાણી તરફથી મળેલ
" ઇસ્માઇલી સતપંથ પ્રકાશ " માંનો ઉતારો.
રા. રા. ચ. હ. હેડ માસ્તરના ઉદગારો.

કાવ્યઃ-૧૧

રાગ ગઝલ.

આ દેશમાં ખોજા તણા, ગુરૂ દેવ આગાખાન છે;
સાહેબ કે ખાવિંદ ઈશ્વર, એજ સત્ય સુજાણ છે;

પરિપુણ ધોતે પુર્ણ શકિત, તણા અતિભંડાર છે;
હા ? એજ આગાખાન શ્રી નકલંકનો અવતાર છે. ( ૧ )

વિવેક વિદ્યા વિનયથી, આ જગતમાં વિખ્યાત છે,
સંસાર જલદી તારવાને, એજ ઉત્તમ ન્હાવ છે;
પુજો તમે સૌ પ્રેમથી, આગાહી જાણુત હાર છે,
હા ? એજ આગાખાન શ્રી નકલંકનો અવતાર છે. ( ૨ )

વિચરી વિલાયત વાસ કીધો, કિર્તિ સકળ ગવાય છે,
પદ કમળ હિન્દે ધારતાં, પ્રેમે અતિ પુંજાય છે;
બહુ ભાવને ભકિત થકી, દર્શન અતિ સુખકાર છે,
હા ? એજ આગાખાન શ્રી નકલંકનો અવતાર છે. ( ૩ )

વિક્ષેપ મળને આવરણથી, જે અતિ મુઝાય છે,
જેને નહી લવલેશ જ્ઞાન, અપાર ગોથા થાય છે;
પણ વિમળ બુધ્ધિવંત વીરલા, એજ ઓળખનાર છે;
હા ? એજ આગાખાન શ્રી નકલંકનો અવતાર છે. ( ૪ )

પ્રેમી પિછાળે પરમ પદને, શકિતને જોનાર છે.
તે ત્રિવિધ તાપ તમાસ ટાળી, મોક્ષ પદે લેનાર છે;
થોડે ઘણું સમજી જશે " યુગ ભુજ " ઓળખનાર છે.
હા ? એજ આગાખાન શ્રી નકલંકનો અવતાર છે ( ૫ )

કાવ્યઃ–૧૨

( ગઝલ )

અમારા મન તણી ઇચ્છા, માયાળુ પૂર્ણ કરજે તું !

લેખકઃ–ઇસ્માલભાઇ જી. ચીખોદરીયા, આણંદ.

અમારા દીલ તણી ઇચ્છા, દયાળુ પૂર્ણ કરજે તું ?
અમો અરજી ઘણી ધરીયે, સેવકની ધ્યાન ધરજે તું ?
અહો આ રંક બાળકનું, યા અલી દુઃખ હરજે તું ?
હવે આ ભાર ભૂમીનો, ઉતારી કાયો કરજે તું ?
અમારા દીલની ઇચ્છા, દયાળુ પૂર્ણ કરજે તું ? ( ૧ )

માયો રાય રાવણને, સિંધુ પર બાંધીયો સેતુ;
અનેક ભકતો ઘણી, આગળ અલી ઉગારીયા તે તું ?
ધરી શણગાર સોનાનો, અલી ઉધ્ધાર કરજે તું ?
અમારા દીલની ઇચ્છા, દયાળુ પૂર્ણ કરજે તું ? ( ૨ )

સત સબુરી અને જીકર, ઘણી ઈમાન દેજે તું ?
અમારા છે ગુના કોટીક, યા અલી માફ કરજે તું ?
અમીની દ્રષ્ટિથી અમને, ઘણી દેદાર દેજે તુ ?
સમશેર કર તારા, ધરી આ કાર્ય કરજે તું ?—અમારા. ( ૩ )

---

કાવ્યઃ–૧૩

કલીયુગમાં કાયમ ધણી તે નાથ આગાખાન છે.

–કવાલી–

લેખક રા. ઇસ્માઇલ ગલાભાઇ ચીખોદરીયા.

કળીયુગમાં કાયમ ધણી તે નાથ આગાખાન છે,
સતપંથનો સરદાર ને કૃષ્ણ કળાવંત કાંન છે. કલીયુગમાં ( ટેક )
દુર દેશ ને પ્રદેશમાં મનહર ધનીનું માન છે,

આગમ વાંણી હેતે જુવો સંતે કરેલી સાંન છે;
કલીયુગમાં કાયમ ધણી તે નાથ આગાખાન છે. ( ૧ )

સુર્ય બધે પ્રગટ થયો ભુલેલાને કયાં ભાન છે,
આવ્યો ધણી ઉધારવા આગમ તણું વરદાન છે,
જાણ્યું જગતમાં સૌ જને પણ આળસથી હેરાન છે,
કળીયુગમાં કાયમ ધણી તે નાથ આગાખાન છે. ( ૨ )

ઓળખ્યા અલીને હેતથી તેને સદા ગુલતાન છે;
પત્થર પુંજે કંઈ નહી વળે ઠાલાં તીરથનું તાન છે,
જુવો વેદ ને ગીતા મહી બાયબલ અને કુરાન છે,
કળીયુગમાં કાયમ ધણી તે નાથ આગાખાન છે. ( ૩ )

---

કાવ્યઃ-૧૪

રામ લક્ષમણ વનમાં સીધાવતાં

હાજર ઇમામ

## મૌલાના આગા સુલતાન મહમદશા દાતારની

પધરામણી આણંદ.

લેખકઃ-ઇસમાઇલભાઇ ગલાભાઇ ચીખોદરીયા.

આજે સોનાનો સુરજ ઉગીયો ચાલો જોવા જઇયે આણંદ ગામ
હાજર ઇમામ પધાર્યા પ્રેમથી

તારીખ પાંચમી ફેબ્રુવારી માસમાં સન ઓગણીસા તેવીસ જાણ
જળહળ ઉગ્યો ભાણ પધાર્યા.

હીજ હાઇનેસ સર સુલતાનશા એનુ અકળ કળાનું છે કામ
માનો ફરમાન પધાર્યા.

ત્યાં તો મંડપ મનોહર બાંધીયો હાંડા જુમરને ઘડીયાળ
વાજીત્રો અપાર પધાર્યા.

જેવા મંજુ લોક દેશ પ્રદેશનું જોવા મળી છે વરણ અઢાર
વરત્યો જેજેકાર પધાર્યા.

રાજા રજવાડા શેઠ શાહુકાર છે ત્યાં તો વોલન્ટીયરોની છે હાર
ફરે છે પેસેંદાર પધાર્યા.

એને જાગતી જોતી સઉ જાણુજે વર્ણન કરતાં નહી આવે પાર
સત પંથનો સરદાર પધાર્યા.

ત્યાં તો વાજાં વાગે વીધ વીધ ભાતનાં ઉડે નીશાન મારે આકાસ
જ્યોતીનો પ્રકાશ પધાર્યા.

અમર રહો મુંબાઈના શેઠીયા અમને કરાવ્યાં નુરાની દેદાર
ગરીબના આધાર પધાર્યા.

દાસ ઇશ્વરને તારો આધાર છે મેતો જાણ્યો યા અલી અવતાર
તેજ બીબકાર પધાર્યા.

---

કાવ્ય:-૧૫

પધરામણી પ્રસંગ

રાગ-મને રજા દીઓ ક્ષત્રિની રીતી વારીને રે.

ગુણવંત પધાર્યા ગુજરાત થયો પ્રભાત અરજ ધરી ધ્યાનમાં રે
સમજીયા સાનમાં રે

તારીખ પાંચમી ફેબ્રુવારી આવ્યા ઓમ અલી અવતારી
ઘણી પ્રેમ કરીને પધાર્યા આણંદ ગામમાં રે .... ....સમજ્યા૦

વાજાં મનોહર વાગે સારાં યા અલી પ્રીતમના પ્યારાં
આજે મોઘુ મણી મેમાન પધાર્યા માનમાં રે .... ....સમજ્યા૦

યા અલી નકલંક નીજારી વિશ્વપતિ વૃજના બિહારી
ખરી ખુબી માનો ઘણીના ફરમાનમાં રે .... ....સમજ્યા૦

ચતુર ચેતસે ચીતમાં જાણી આવી છે આગમની વાંણી
જરા જાગી જુવો તો જડે વેદ કુરાંનમાં રે .... ....સમજ્યા૦

મંડપમાં પધારી મંગળ ગાવો અંતરની આંખોથી વધાવો
મને દયા કરીને દિદાર દીધાં દાનમાં રે .... ....સમજ્યા૦

જ્યાં જોઇએ ત્યાં નામ તમારૂં કાંઈ અચરત છે થનારૂં
હવે હેત કરીને જુઓને હિંદુસ્તાનમાં રે .... ....સમજ્યા૦

ઘણું જીવો મુંબઇના વાસી કામ કર્યું તમે પ્રેમ પ્રકાશી
મને હેત કરીને ઓળખાવ્યા હાજર ઇમામને રે .... ....સમજ્યા૦

દાસ ઇશ્વર કહે જાઉં વારી વહારે ચડજો વીલુ હમારી
સૌ સેવો સતગુરૂ સદર દીનના શ્યામને રે .... ....સમજ્યા૦

---

## જાહેર ખબર.

વાંચો ! વંચાવો ! ! વિચારો !

શ્રી નકલંક જ્ઞાનામૃત સુધા કુંભ-કળશ બીજો નામક એક દળદાર શ્રી ઇસ્માલી હાજર ઇમામ મૌલાના આગા. સુલતાન મહમદશાહ દાતાર દશમ નકલંક અવતારની સ્તુતિના અને કોમોન્તીનાં સુબોધક કાવ્યોનો અત્યુંતમ ગ્રંથ થોડા વખતમાં બહાર પડશે અને બીજા કળશમાં સાત કે આઠ વાડકાથી અચ્છી તકરી લગભગ ૨૦૦ કે ૨૫૦ બિન્દુથી વિભુસીત કરવામાં આવશે માટે ઇસ્માઇલી બંધુઓ એ અને સતપંથી ભાઇઓએ તથા નકલંક ધનીના પ્રિય ભકતો અને સનાતન ધર્માઓએ અવસ્ય ગ્રાહક થઈ આ કોમી સાહિત્યને ઉતેજન આપવા ચુકવું નહિ. અગાઉથી ગ્રાહક થનારનાં મુબારક નામો પુસ્તકમાં દાખલ કરવામાં આવશે માટે ગ્રાહક થઈ બીજાઓને ભલામણ કરો. કીમત રૂ. ૧-૪-૦ પાછળથી રૂા. ૧-૮-૦ ટપાલ જુદું.

લખો:—

આન્તર શેરમામદ બી. બાંધણીયા ( સોજીત્રાવાળા ) ઉર્ફે દીનીપાગલ સંપાદક " શ્રી નકલંક જ્ઞાનામૃત સુધા કુંભ "
કાર્યાલય. ઠે. શ્રી નકલંક આશ્રમ. આણંદ ( ગુજરાત )

# ઇસલામી ધ્વજ.

લેખક ' નાચીજ '

ઈસ્લામની આળસ થકી, ઈસ્લામ મત નિર્બળ થયો
આપસ મહી કુસંપથી, ઇસ્લામમાં ઝઘડો થયો;
સમજ્યા હવે સૌ સાનમાં, ઈસ્લામ છે આ નામનો,
ફરકે જુઓને " ધ્વજ " આ ઈશાઅતે ઈસ્લામનો. ૧

વિધર્મી ને ઈસ્લામીઓ એ, ધર્મમાં લેવા હતા.
કીરતાર કેરા નામનાં, સત " શબ્દો " કંઈ કેવા હતા;
સમજ્યા હવે ઈસ્લામીઓ, આ સબ્દ નથી નામનો,
ફરકે જુઓને " ધ્વજ ", આ ઈશાઅતે ઈસ્લામનો, ૨

શરૂ કોમ ત્રેવીશ વર્ષ માંહે, "હજરતે" કીધું હતું,
વિધર્મીને નિજ ધર્મનું, હા ! દાન સત દીધું હતું,
થઇને સખી ઈસ્લામીઓ, દેછે સબક ઈસ્લામનો,
ફરકે જુઓને " ધ્વજ ", આ ઈશાઅતે ઈસ્લાયનો. ૩

અલ્લાહના વચનો પરે, વીશ્વાસ છે ઈસ્લામને,
હા ? " મુસ્તફા " ની ભલામણ, નો ભાસ છે ઈસ્લામને
છેલ્લી વસીયતના વચનનો, છે વસીલો કામનો,
ફરકે જુઓને " ધ્વજ ", આ ઈશાઅતે ઈસ્લામનો. ૪

મતભેદ મારા મારીને, ઈસ્લામીઓ મુકી દીઓ.
ઈસ્લામને સાચા દીલે, મકમ થઈ વળગી રહો;

તેથીજ વાજશે જગતમાં, ડંકો સદા ઇસ્લામનો
ફરકે પછી સત " ધ્વજ " આ ઇશાઅતે ઇસ્લામનો. ૫

જેવી રીતે મુજ હૃદયમાં, ઇસ્લામનો નકશો થયો,
તેવી રીતે ગણી ફર્જને, હું કામમાં વળગી ગયો;
અવચળ " નુરે ટીહમદી " ઝુંડો ઝળકવા કામનો
ફરકી રહ્યો છે " ધ્વજ ", આ ઇશાઅતે ઇસ્લામનો. ૬

( સતપંથ પ્રકાશનો ઉતારો ).

---


# ઇસ્માઇલી કોમનાં વાજીંત્રો.

( માસીક )

**ઇસ્માઇલી સતપંથ પ્રકાશ વા. લ. રૂા. ૩—૦—૦**

મુખી લાલજીભાઇ દેવરાજ પાલખી મહોલ્લો મુંબઇ નં. ૬

( માસીક )

**ઇસ્માઇલી અખબાર વા. લ. રૂા. ૩—૦—૦**

ઇસ્માઇલીયા મિત્ર મંડળ—કેશોદ ( કાઠીયાવાડ ).

( પખવાડીક )

**ધી ઇસ્માઇલી આફતાબ. વા. લ. રૂા. ૩—૦—૦**

મી. એન. એમ. બુધવાણી. ધોરાજી ( કાઠીયાવાડ )

# બા ર મા સી.

કાવ્ય:—૧૭

લેખક:—ભગત હીરાલાલ ઉર્ફે હુશેનઅલી બા. પેટલાદવાળા.

( રાગ કુંજલટીના સંદેશાનો. )

સુલતાન શાને સંદેશો અમારો, કહેજો કીરતારના કાનમાંજી રે;
દર્શન વિનાના દહાડા દાશને દોયલા, સાહેબ સમજો સાનમાંજી રે.
સુલતાન ટેક૦

સાખી

કાર્તિકમાં કિરતારને કહુ કરી કરજોડ, દર્શન દેવા દાસને દોડ દયાળુ દોડ;
વ્હેલા પધારો મ્હારા વ્હાલા વિદેશથી, સૂરજ અમારી ધરી ધ્યાનમાંજી રે
દર્શન વિનાના દહાડા દાસને દોયલા, સાહેબ સમજો સાનમાંજી રે.
સુલતાન૦ ( ૧ )

સાખી

માંગસરમાં મન મારૂં, ધરતું નથી જરા ધીર, જાય ઘડી જુગ જેવડી,
તુજ વીના શાપીર;
વાટ તમારી હું તો જોઇને જીવણજી, ત્રીકમ તૈયાર છું તાનમાંજી રે.
સુલતાન૦ ( ૨ )

સાખી

જોષીડા જો જો જોષમાં આ માસ જાય છે પોષ, સુલતાન સામું જોતા નથી,
કેવા છે કર્મના દોષ,—દોષ નથી કંઈ કર્મનો તમારે.
જોયું મેં પોથી પુરાણમાંજી રે

સાહેબને તમારે સામી છે પ્રીતડી, સુલતાન ન સમજશે સાનમાં,
સુલતાન૦ ( ૩

સાખી

મહા મહીને મહમદ વિના ભુલ્યા ભક્તો ભાન, શિયાળો વહી જાય છે;
સાંભળજો સુલતાન;
ભાન વિનાના અમે ભમીએ ભુદરજી, દિદાર દેજો અમને દાનમાંજી રે
દર્શન વિનાના દહાડા દાસને દોયલા, સાહેબ સમજજો સાનમાંજી રે.
સુલતાન૦ ( ૪ )

( રાગ શું નટવર વંસત. )

ઉનાળો અલી આવીઓ, પુલ્યો ફાગણ માસ,
સેવકની સામું જુવો, રાખ્યો છે વિશ્વાસ;
વિશ્વાસે વળગ્યાં તેની વિસારીને શું ગયો, મારો વ્હાલો વિલાયતમાં
જઇને રહ્યો;
જઇને રહ્યો મ્હો લગાડી ગયો, શું વાલમ વિદેશમાં જઇને રહ્યો ( ૫ )

સાખી

આવ્યો ચૈતર માસ, તાપ તપે છે તનમાં,
હેડુ રહે નહી હાથ, મહારાજ વિચારો મનમાં,
પ્રિતમજી બાંધુ મ્હને માર્યા છે પ્રેમનાં, તુજ તણો સંગ મને જ્યારે થયો
જ્યારે થયો હું ભાન ભુલી ભુલી ગયો, શું વાલમ વિલાયતમાં જઇને
રહ્યો ( ૬ )

સાખી

વૈશાખે ઝોડું વાટડી, પધારો દીનાનાથ,
અલી-રામ રહેમાન તું આવી ઝાલો હાથ,
અજ્ઞાનની નિદ્રામાં હરી અમે ઉંઘતા, દયા કરી દાશને જગાડી ગયો;
જગાડી ગયો રંગ લગાડી ગયો, શું વાલમ વિદેશમાં જઇને રહ્યો ( ૭ )

સાખી

જેઠે જપી એ જાય, નકલંક-અલી નામથી,
જાય કાયાનાં પાપ, સુલતાન સુંદર સ્યામથી.

ઉનાળો ગયો અલી આવો અલબેલડા, વિશ્વાસે વાટડી જોઇને રહયો,
જોઇને રહયો દાશ દેખી રહયો, શું વાલમ વિદેશમાં જઇને રહયો. ( ૮ )

( રાગ પુનમ ચાંદની )

અસાડમાં અલબેલડા, વર્ષા રૂતુ જાણ;
અલી-હાજર ઇમામ છો, મ્હેદી પુરૂષ પુરાણ,
હવે ટળવળવા લાગ્યો છે મ્હારો આત્મા રે, આવી અલબેલાજી
પુરો મનની આશ;
ત્રીકમ તરછોડી શું જઈ વશીયા વિલાયતમાં રે. ( ૯ )

સાખી

શ્રાવણમાં સંસાર સહુ જાત્રા કરવા જાય,
મારૂ તિરથ તું ધણી, (આ) ચોથા જુગની માંય,
મ્હારે તું માતા તું મહાદેવ ને તું મહાત્મા રે, હું તુજને પામુ તો
પ્રાયશ્ચિત મારાં જાય;
ત્રીકમ તરછોડી શું જઈ વસીયા વિલાયતમાં રે. ( ૧૦ )

સાખી

ભાદરવો ભેરે ગાજીઓ, નદીએ આવ્યાં નીર,
અરજ સુણીને આવજો, અલી અલ્લા શા'પીર
પીરશા', પીરશા' પોકારૂં છું દીન ને રાતડી રે, મ્હારે સુલતાન
વીના સુનો સૌ સંસાર
ત્રીકમ તરછોડી શું જઇ વસીયા વિલાયતમાં રે ( ૧૧ )

સાખી

આવીઓ આસો માસ, આશા પુરો અમ તણી,
ગુન્હા બક્ષિએ બક્ષણહાર, સુલતાન મહમદ તું ધણી,

તું નહિ હિન્દુને નહિ મુસલમાની જાતમાં રે, તું નકલંક
પ્રગટ્યા પુરણ બ્રહ્મ,
ત્રીકમ તરછોડી શું જઈ વસીયા વિલાયતમાં રે. ( ૧૨ )

( રાગ સખી જલાપદ કેરી વાત )

વ્હાલા આવીઓ અધિક માસ, સુલતાન સાંભળો રે
પ્રભુ પુરો સેવકની આશ, મુકી દો આમળો રે.
વ્હાલા તમને દેતો નથી દોષ, વાંક છે અમારો રે,
ઘણી મુકી દો મનનો રોશ, બાળ છું તમારો રે
" હીરા " ને છે ત્હારો આધાર, ગરૂડાગામી રે.
મ્હારા કોટીક ગુના કરો માફ અંતરજામી રે,
ગાય શીખે ને સાંભળે જેહ (આ) બાર તેર માસે રે,
તેને દર્શન દેશો દીનોનાથ, વૈકુંઠ વાસે રે ( ૧૩ )

---

કાવ્યઃ-૧૮

( રાગ નથી જગતમાં સાથ સંબંધી વિના ત્રીભોવન નાથ )

ભલે પધાર્યા ભૂપ જગતના, ધરી મનુષ્ય અવતાર ( ૨ )
રંક દાસો પર દયા દર્શાવી. દયાળુ દિધાં દિદાર—ટેક.

અધમ ઉધ્ધારણ, સંત સુધારણ ભવ તારણ ભગવાન.
નાથ નિરંજન નકલંક તું છે, મહમદશાહ સુલતાન–ભલે પધાર્યા (૧)

આદ અનાદી એક ધણી તું, જગતમાં જોયો જહુર;
આદ પુરૂષ તું એક ઈલાહી ઓમ–અલીનું નુર–ભલે પધાર્યા (૨)

વિભુ પતિ ત્હેં વચનો પાળ્યાં દાસોને દેવા દિદાર
નરસિંહ, રામ ને કૃષ્ણ તું છે, નકલંક નાથ નીઝાર–ભલે પધાર્યા (૩)

વેદ કુરાનમાં વિશ્વ પતિ તું, ઓમ–અલી છે એક;
મહેંદિ ઈમામ ને રામ, રહીમ તું વેદોમાં જોયો વિવેક–ભલે પધાર્યા (૪)

**જક પિતા હમે ભલે પધાર્યા, પતિતોને કર પાવન,**
**"તારમહમદ" ને ગુરૂ ગત સાથે, દયાળુ દિધાં દરશન–ભલે પધાર્યા (૫)**
**લેખકઃ–ભગત ત્રીભોવનદાસ ઉર્ફે તારમહમદ ગુ. ભેટાશીવાળા.**

---

કાવ્યઃ–૧૯

**કવ્વાલી**

આનંદ છે આનંદ આજે અતિ ઘણો આનંદ છે.
ગુર્જર ભૂમી ગુજરાતમાં આણંદ ( માં ) પરમાનંદ છે. ટેક૦
આ ગરીબડી જમાત ઉપર પ્યાર કીધો પ્રેમથી.
દર્શન દિધાં પ્રસન થઇ, આશીષ આપી રહેમથી. આનંદ ( ૧ )
આજ સુવર્ણનો ખરે. અરૂણ ઉદય અહિં થયો;
ઝરમર આજે નુરનો અહી. મેહુલો વરસી રહયો. આનંદ ( ૨ )
ધન ધન ધણી ગુજરાતમાં. પધારીને પાવન કર્યા;
આ બિચારી જમાતને દિદાર દઈ દુઃખડાં હર્યાં આનંદ ( ૩ )
સોમવાર તારીખ પાંચ બે ઓગણીસે તેવીશમુ;
પાવન કીધા નીજ બાળને, નકલંક પોતે વિષ્ણું. આનંદ ( ૪ )
આ " હુશન " ની અરજી સુણીને કષ્ટ સઘળાં કાપજો;
સત. સબુરી. ખમીઆ ઈમાન. ઝીકર. (એ) પાંચ પદારથ આપજો.
આનંદ ( ૫ )

લેખક ભગત હીરાલાલ ઉર્ફે હુશેનઅલી બી.
પેટલાદવાળા.



# જીવનતાન ગોળી.

સ્વદેશી અને પવિત્ર ચીજોમાંથી તૈયાર બનાવેલી સુગંધીત અને મીઠી, ગળામાં સાફ, અવાજમાં તેજ, દીલ અને મગજને તાકાત આપવા વાળી છે. પાનમાં ખાવાથી ઘણીજ લેજત આવે છે. અપચો, ખાંસી, કોલેરા, ડબજ, તાવ અને કોઇપણ દરદમાં અકસીર છે. નાનાં બાળકોનું લોહી સુધારી પુષ્ટ બનાવે છે. કીંમત ચાલીસ ગોળી રૂ. ૦-૧-૦ સો ગોળી ૦-૨-૦ બસો ચાલીસ ગોળી રૂ. ૦-૪-૦ હજાર ગોળીના પેકીટનો રૂ. ૧-૦-૦

## આંખોની બીમારી માટે ચમત્કારી સુરમો

આ સુરમો ખાસી જડીબુટીમાં થી તૈયાર કરવામાં આવે છે જે આંખમાં જાળી હોય, કમળો થયો હોય, રાત્રી વખતે દેખી શકાતું ન હોય—આંખોમાં થી પાણી આવતું હોય, કમતી દેખાતું હોય, વીગેરે આંખનાં તમામ દરદો ઉપર અમારો ચમત્કારી સુરમો ઘણોજ ફાયદો કરે છે. કીંમત રૂ. ૦-૪-૦ નમુનાના બે આના.

એજન્ટ:—
શેરનામદ બી. બાંધણીયા
નકલંકાત્રમ—આણંદ.

બી. એમ. પટેલ.
હેડ ઑફીસ—આણંદ.
(ગુજરાત).

દરેક જગાએ એજન્ટો જોઇએ છીએ. કમીશન ભરપુર આપવામાં આવશે:—ચાલુ ટ્રેનને માટે એજન્ટો જોઇએ છીએ.

# જાહેર ખબર

અમારે ત્યાં દરેક જાતનું શીવવાનું કામ કોટ, પાટલુન, બ્રીચીસ, વાસકોટ, ખમીસ, પોલકા, ચોલી, ફ્રાક વીગેરે જેન્ટલમેનોના ઇંગ્લીશ ફેશનના ડ્રેસો પ્રમાણિક પણે ટાઇમસર કરી આપવામાં આવશે. એક વખતે કામ આપી ખાત્રી કરવા ભલામણ છે.

ધી ઇસ્લામી ટેલર શોપ
ઠે. કોરટ પાસે સડક ઉપર
મુ૦ આણંદ સ્ટેશન.

---

ગઝલ.

ત્હમે શું શું નવું કીધું અરે ઓ કોમના નેતા ?
વિભુષીની ખાકના રાખી અરે ઓ કોમના નેતા ?
ખરા સુધારકો થઇને, કરો વાતો અરે ભાઈ ?
કહો કયાં કાર્ય કીધું છે, અરે ઓ કોમના નેતા ?
દુઃખી જ્ઞાતિ તણા બાળો, હમેશાં આપ ભાળો છો ?
કહો કયાં દુઃખ વેઠયું છે, અરે ઓ કોમના નેતા ?
બની સુધારકો વાલા, થયા કુધારકો પોતે ?
પ્રપંચો પોલ કયાં ખોલ્યાં, અરે ઓ કોમના નેતા ?
થયા સુધારકો જો તો, અહા અન્યાય છે વાતો ?
પડયા આગળ તમે કયારે, અરે ઓ કોમના નેતા.
પોકારો **દીનીપાગલ** જે સુણીને આપ કંઇ ચેતો
નીકર પાછળ અમે પડશું, અરે ઓ કોમના નેતા.

શ્રી નકલંક આશ્રમ, આણંદ
તા. ૩૦-૧૨-૨૨

માસ્તર શેરમામદ બી.
બાંધણીયા.

આણંદ–ચરોતર પ્રિન્ટિંગ પ્રેસમાં ત્રીભોવનદાસ કાંસીભાઇ પટેલે
પ્રકાશકને માટે છાપ્યું. તા. ૪–૨–૨૩.